**<u>રીઢા ઘરફોડ ચોર આરોપીઓને રોકડા રૂ. ૧૨,૭૫,૦૦૦/-, કાર, મો.ફોન, ઘરફોડના સાધનો સહીત કુલ રૂ. ૧૫,૭૫,૨૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી સુરત શહેર ક્રાઇમ બ્રાંચ</u>**

સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ ઘરફોડ ચોરીના ગુનાઓ આચરતા ચોર ઇસમોની તપાસ બાબતે તેમજ ભુતકાળમાં આ પ્રકારની ઘરફોડ ચોરીઓ આચરનાર પકડાયેલ ચોર ઇસમોની વોચમાં રહી આ પ્રકારના ગુનાઓ શોધી કાઢવા અંગે ડી.સી.બી. પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓ ઘરફોડ ચોરીના ગુનામાં અગાઉ પકડાયેલ આરોપીઓ કે જેઓ હાલમાં જામીન ઉપર હોય અને પોલીસની નજર બહાર હોય તેવા ગુનેગારોની માહીતી મેળવી તેમના ઉપર વોચ રાખેલ.

ઉપરી અધિકારીશ્રીઓની માર્ગદર્શન હેઠળ વર્ક-આઉટ દરમ્યાન પો.સ.ઇ. તથા ટીમના માણસોને બાતમીદારો મારફતે હકીકત મળેલ કે, "અગાઉ એકાદ વર્ષ પહેલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ વૈભવ સાકરીયા, રાહુલ ઠાકોર નામના ઇસમો હાલમાં આઇ-૨૦ કાર નંબર GJ-05-CP-2853 લઇને દિવસ દરમ્યાનમાં મોલ/કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગ જેવી કોમર્શીયલ ઇમારતોમાં બિલ્ડર/ફાયનાન્સર/સી.એ./વકીલની ઓફીસો આગળ રેકી કરી રાત્રે ટાર્ગેટ કરી રોકડા રૂપીયાની ચોરી કરે છે અને આજરોજ પણ તેઓ સુરત શહેરમાં વી.આઇ.પી. રોડ, વેસુ તરફ ઓફીસોની રેકી કરવા માટે ફરી રહ્યા છે" જે બાતમી હકીકત આધારે ટીમના માણસો સાથે બાતમીના સ્થળે પહોંચી જઇ બાતમી મુજબની આઇ-૨૦ કારને વેસુ, વી.આઇ.પી. રોડ સી.બી.પટેલ ગ્રાઉન્ડ સામે રોડ ઉપરથી પકડી પાડી આરોપીઓ (૧) વૈભવ ઉર્ફે જાડીયો ઉમેદભાઇ સાકરીયા ઉ.વ.૨૯ રહે. ૩૪, શ્રી કલ્યાણ રેસીડેન્સી, હંસદેવ વીલા સોસાયટીની સામે, કામરેજ ગામ, જી.સુરત (૨) રાહુલ સોમાભાઇ ઠાકોર ઉ.વ. ૨૫ રહે. ૨૮, શ્રી કલ્યાણ રેસીડેન્સી, હંસદેવ વીલા સોસાયટીની સામે, ગલતેશ્વર રોડ, કામરેજ ગામ, જી.સુરત તથા (૩) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને રોકડા રૂ.૧૨,૭૫૦૦૦/-,મો.ફોન નંગ-૦૪ ના રૂ.૫૦,૦૦૦/- તથા આઇ-૨૦ કારના રૂ. ૨,૫૦,૦૦૦/- તથા પંચીસ પાનુ અને ડીશમીશના રૂ.૨૫૦/- મળી કુલ્લે રૂ.૧૫,૭૫,૨૫૦/- નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી રોકડા રૂ.૧૨,૭૫,૦૦૦/- બાબતે ઝીણવટ પૂર્વક પુછપરછ કરતા વેસુ ખાતે આગમ એમ્પોરીયમ બિલ્ડીંગના સંપત ડેવલોપર્સની ઓફીસમાંથી રોકડા રૂ. ૩૦,૦૦૦,૦૦/- (૩૦ લાખ)ની ઘરફોડ ચોરી કરેલ તેના રૂપીયા હોવાની કબુલાત કરેલ છે.

આજ પ્રકારે તેઓએ આજથી આશરે બે મહીના પહેલા મોટા વરાછા તરફ ઉત્રાણ પાવર પાસે એક બિલ્ડીંગમાં આવેલ ઓફીસમાંથી રોકડા રૂપીયાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે અને આજથી આશરે ત્રણેક મહીના પહેલા કામરેજ નજીક ખોલવડગામ પાસે એક કોમ્પલેક્ષમાં પહેલા માળે આવેલ ઓફીસમાંથી રોકડા રૂપીયાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે. જેમાં સુરત શહેર તથા કામરેજ ખાતે નીચે જણાવ્યા મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

**<u>ડીટેક્ટ ગુનાઓ:-</u>**

(૧) ઉમરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૨૩/૧૮ ઇ.પી.કો. ૩૮૧ મુજબ (ત્રણેય વિરૂધ્ધ) (૨) અમરોલી પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૨૩/૧૮ ઇ.પી.કો. ૪૫૪, ૪૫૭,૩૮૦ મુજબ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૩) કામરેજ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૫૩/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ (ત્રણેય વિરૂધ્ધ) (૪) પુણા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં. ૨૧/૨૦૧૭ ઇ.પી.કો. ૪૫૪, ૪૫૭,૩૮૦ મુજબ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૫) પુણા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં. ૯૫/૨૦૧૭ ઇ.પી.કો. ૪૫૭,૩૮૦ મુજબ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ)

**<u>આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ:- (આરોપીઓ નીચે મુજબના ગુનાઓમાં એક વર્ષ પહેલા પકડાયેલ છે.)</u>**

(૧) કાપોદ્રા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૪૦/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (ત્રણેય વિરૂધ્ધ) (૨) વરાછા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૬૦/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૩) વરાછા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૯૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૪) સરથાણા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૪૩/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૫) સલાબતપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૮૫/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૬)સલાબતપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૩૧૭/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૭) રાજકોટ શહેર માલવીયાનગર પો.સ્ટે. ફર્સ્ટ ૨૬૨/૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ વિરૂધ્ધ) (૮) રાજકોટ શહેર માલવીયાનગર પો.સ્ટે. ફર્સ્ટ ૩૪૭/૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ વિરૂધ્ધ)

**<u>ગુનાની એમ.ઓ</u>.** :- આરોપીઓ તથા બાળ કિશોર સુરત શહેરના અલગ-અલગ સ્થળોએ તથા કામરેજ વિસ્તારમાં કોમર્શીયલ ઇમારતો મોલ/કોમ્પલેક્ષ/બિલ્ડીંગોમાં દિવસ દરમ્યાન રેકી કરી ફાઇનાન્સર/બિલ્ડર/સી.એ./વકીલ વિગેરેની ઓફીસો જોઇ તેમાંથી એકને ટાર્ગેટ કરી મોડી રાત્રે મોલ/કોમ્પ્લેક્ષ/બિલ્ડીંગના પાઇપ વડે ઉપર ચઢી ટાર્ગેટ કરેલ ઓફીસોની સેક્શન બારી/બાથરૂમની બારીને ડીશમીશ/પેચ્યા વડે તોડી ઓફીસમાં પ્રવેશી અંદર ટેબલના ડ્રોઅરના લોક ડીશમીશ તેમજ પંચીસ પાનુ વડે તોડી ડ્રોઅરમાંથી રોકડા રૂપીયાની ચોરી કરી ઘરફોડ ચોરીઓ કરતા હોવાની કબુલાત કરેલ છે.